# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-09-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. મુખ્યમંત્રીશ્રીના હસ્તે શરૂ થયેલા રાજ્યવ્યાપી ગરીબ કલ્યાણ મેળાના પ્રથમદિવસે એક લાખથી વધુ ગરીબ લાભાર્થીઓને ૩૧૮ કરોડ રૂપિયાથી વધુના લાભો અપાયા
2. બનાસકાંઠાના ૧૯૨ ગામમાં પીવાનું પાણી પહોંચાડતી 633 કરોડ રૂપિયાની બે પાણી પુરવઠા યોજનાનો મુખ્યમંત્રીના હસ્તે પ્રારંભ
3. ગાંધીનગર પોલીસે ડબ્બા ટ્રેડિંગના નેટવર્કનો પર્દાફાશ કરીને 29 આરોપીઓની ધરપકડ કરી
4. પ્રવાસન મંત્રાલયે જાહેર કરેલા શ્રેષ્ઠ પ્રવાસન ગામોની સ્પર્ધામાં વિજેતાની યાદીમાં રાજ્યના છોટાઉદેપુરના હાંફેશ્વર ગામનો સમાવેશ
5. ગાંધીનગર ખાતે રમાઇ રહેલી આંતર જીલ્લા ફૂટબોલ સ્પર્ધાની ફાઇનલમાં આવતીકાલે જૂનાગઢ ગાંધીનગરની ટીમ વચ્ચે મુકાબલો

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM - BK GARIB KALYAN MELO

રાજ્યવ્યાપી ગરીબ કલ્યાણ મેળામાં પ્રથમ દિવસમાં એક લાખથી વધુ ગરીબ લાભાર્થીઓને ૩૧૮ કરોડ રૂપિયાથી વધુના લાભ-સહાય આપવામાં આવી હતી. ગરીબ કલ્યાણ મેળાની ૧૪મી શૃખંલામાં ૧૨ લાખથી વધુ લાભાર્થીઓને ૪ હજાર ૫૦૦ કરોડ રૂપિયાથી વધુના લાભ-સહાય પહોંચાડવાના આશય સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠાના ડિસાથી આજે ગરીબ કલ્યાણ મેળાનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું હતું કે ગરીબ કલ્યાણ મેળા ગરીબોના સશક્તીકરણનું જન અભિયાન બની ગયા છે.

(બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, સીએમ)

. . . . . . . . . . . . .

# GARIB KALYAN MELO - DISTRICT

રાજ્યભરમાં આજથી ૧૪ માં ગરીબ કલ્યાણ મેળાનો આરંભ થયો છે.

કેબિનેટ મંત્રી મુળુભાઇ બેરાની અધ્યક્ષતામાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગરીબ કલ્યાણ મેળામાં ૧૨ હજાર કરતાં વધારે લાભાર્થીઓને ૩.૬૬ કરોડ રૂપિયાથી વધુ રકમના લાભો વિતરીત કરાયા.

આદિજાતિ વિકાસ મંત્રી કુબેર ડીંડોરની ઉપસ્થિતિમાં મહીસાગર જીલ્લાના લુણાવાડા હસ્તે ૧ હજાર ૮૭૭ લાભાર્થીઓને ૩૨૯.૪૫ લાખથી વધુના સાધન-સહાય-ચેકનું વિતરણ કરાયું.

ભરૂચ જિલ્લા પ્રભારી મંત્રી કુંવરજી હળપતિના અધ્યક્ષસ્થાને યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં ૨૭ હજારથી વધુ લાભાર્થીઓને કુલ ૧૦૧.૩૭ કરોડ રૂપિયાની સહાય અને કિટનું વિતરણ કરાયું.

સુરેન્દ્રનગરના વઢવાણ ખાતે ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કુલ ૧ હજાર ૪૨૫ લાભાર્થીઓને ૧.૬૯ કરોડ રૂપિયાની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

રાજકોટ ખાતે મેયર નયનાબેન પેઢડિયાના અધ્યક્ષસ્થાને વિવિધ યોજનાના ૧ હજાર ૬૨૨ લાભાર્થીઓને ૨ કરોડ ૫૭ લાખ રૂપિયાની સહાય આપવામાં આવી હતી.

ગીર સોમનાથ જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કુલ ૩૧ હજાર ૩૯૦ લાભાર્થીઓને ૨૩૪.૭૮ કરોડ રૂપિયાની ની સહાયનું વિતરણ કરાયું.

મોરબી, ગીરસોમનાથ, બોટાદ, પંચમહાલ જિલ્લાના ગરીબ કલ્યાણ મેળામાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના અનેક લાભાર્થીઓને સાધન સહાયનું વિતરણ કરાયું.

----------------------------------

## BANASKANTHA PANI PURVATHA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આજે 633 કરોડ રૂપિયાની બનાસકાંઠાની બે જુથ પાણી પુરવઠા યોજનાઓનું આજે લોકાર્પણ કરાયું હતું.. ડીસાના આખોલ યોજનાને કારણે  ડીસા,  લાખણી, કાંકરેજ અને દિયોદર તાલુકાના ૧૯૨ ગામના કુલ ૭ લાખ નાગરિકો માટે દૈનિક ૬.૪૦ કરોડ લીટર પીવાનું પાણી મળી રહેશે..

ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકાર દ્વારા દેવપુરા-વાવ ઓફટેક અને રાણકપુર ઓફટેક સુધારણા યોજના વર્ષ ૨૦૨૦માં તૈયાર કરવામાં આવી હતી.

-----------------------------------

## GANDHINAGAR DABBA TRADING

ગાંધીનગર પોલીસે ડબ્બા ટ્રેડિંગના નેટવોર્કનો પર્દાફાશ કર્યો છે. ડબ્બા ટ્રેડિંગના કેસમાં 29 આરોપીઓની ધરપકડ કરી હતી. ઝડપાયેલા આરોપીઓ શેરબજારની ટ્રેડિંગ કંપનીઓના એજન્ટ બની શેરબજારમાં નફો કરાવના બહાને છેતરપીંડી આચરતા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.. મહેસાણા જિલ્લાના વડનગર, વિસનગર, ખેરાલુ થતા પલસાણા વિસ્તારમાંથી સંગઠિત ગેંગો ગુન્હો આચરતી હોવાનું ગાંધીનગર રેન્જ આઇજી વિરેન્દ્રસિંહ યાદવે પત્રકાર પરિષદ યોજીને માહિતી આપી હતી.

(બાઇટ- વિરેન્દ્રસિંહ યાદવ, રેન્જ આઇજી ગાંધીનગર)

આ પત્રકાર પરિષદમાં રેન્જ આઇજીએ નવરાત્રીમાં પોલીસ બંદોબસ્તની માહિતી આપતા કહ્યું હતું કે નવરાત્રી તહેવાર સારા વાતાવરણમાં ઉજવાય તે માટે ગાંધીનગરના પાર્ટી પ્લોટ ઉપર પોલીસની વોચ રહશે. તેમજ મહિલા પોલીસ પણ તૈનાત રહેશે.

-----------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

## Best Tourism Villages Competition-2024

કેન્દ્રીય પ્રવાસન મંત્રાલયે રાજ્યના છોટા ઉદેપુરના હાફેશ્વર સહિત દેશના 36 ગામોની શ્રેષ્ઠ ગ્રામીણ પ્રવાસન ગામ તરીકે પસંદગી કરી છે. મંત્રાલય દ્વારા વિશ્વ પ્રવાસન દિવસ નિમિત્તે ચાલુ વર્ષની શ્રેષ્ઠ પ્રવાસન ગામોની સ્પર્ધાના આઠ અલગ અલગ શ્રેણીમાં વિજેતાઓની આજે જાહેરાત કરવામાં આવી., તેમાં વારસા ગામ શ્રેણીમાં હાફેશ્વરનો સમાવેશ કરાયો છે.

નર્મદા કિનારે આવેલા કવાંટ તાલુકાનાં હાફેશ્વર ગામને 10 કરોડ રૂપિયાના ખર્ચે પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. 25 હજારથી ઓછી વસતિ ધરાવતા આ ગામમાં વારસા, કૃષિ સાહસ પ્રવાસન, હસ્તકળા, સહિતની કેટલીક પ્રવાસન પ્રવૃત્તિઓ ચાલી રહી છે. સત્તાવાર યાદી મુજબ સ્ટેચ્યું ઓફ યુનિટીની મુલાકાતે આવેલા વાર્ષિક આશરે 1 લાખ પર્યટકોએ હાફેશ્વરની મુલાકાત લીધી હતી.

ઉલ્લેખનીય છે કે, દેશના ગામડાઓમાં પર્યટનને પ્રોત્સાહન આપવા માટે, ગયા વર્ષે શ્રેષ્ઠ પર્યટન ગામોની સ્પર્ધા શરૂ કરવામાં આવી હતી

--------------------

## C.R.PATIL

જળશક્તિમંત્રી સી આર પાટીલે સુરતમાં પાણી ભરાતા હોય તેવા રસ્તાઓની બાજુમાં બોર બનાવવાનું સૂચન કર્યું છે. સુરત ખાતે જળસંચય માટેના વિદ્યાર્થીઓ સાથેના કાર્યક્રમમાં સી આર પાટીલે સુરત મ્યુનિસિપલ કમિશનરને સૂરતમાં પાણી ભરાવાના કારણે રસ્તા તૂટતા અટકાવવા અંગેના સૂચનો પણ કર્યા હતાં.

(બાઇટ - સી આર પાટીલ, કેન્દ્રીય, જળ શકિત મંત્રી)

-----------------------------------

## BJP DHARNA PRADARSHAN

રાહુલ ગાંધી દ્વારા વિદેશમાં અનામતના મામલે નિવેદન કરાયું હતું. જેને લઇને ભારતીય જનતા પાર્ટી દ્વારા રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શન કરાયું હતું..

અમદાવાદમાં આરટીઓ સર્કલ ખાતે ભાજપ દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનમાં મુખ્યમંત્રીશ્રીએ પણ કાળી પટ્ટી ધારણ કરીને વિરોધ નોંધાવ્યો હતો.

મહીસાગર કેબિનેટ શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરની આગેવાનીમાં એક રેલી યોજીને વિરોધ પ્રદર્શન કરાયું હતું..

જ્યારે તાપીના વ્યારા ખાતે માજી કેબિનેટ મંત્રી નરેશ પટેલની હાજરીમાં ધરણા કાર્યક્રમ યોજાયો હતો..

બોટાદ જિલ્લા ભાજપ દ્વારા તાલુકા સેવા સદન સામે ધરણાં યોજાયા હતા..

તો વલસાડ જિલ્લામાં જિલ્લા ભાજપ દ્વારા અનામત વિરોધી કોંગ્રેસના નારા સાથે ધારણા કાર્યક્રમ અને મૌન રેલીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

દાહોદ શહેરમાં રાહુલ ગાંધીના અનામત વિરોધી નિવેદનના વિરોધમાં ભવ્ય રેલી અને ધરણા પ્રદર્શન તેમજ હાથમાં કાળી રીબીન બાંધી વિરોધ નોંધાવ્યો.

.................

## AHMEDABAD CYCLOTHON

સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ અમદાવાદ ખાતે આવતીકાલે સાયક્લોથોન યોજાશે.. કેન્દ્રીય સંદેશા વ્યવહાર મંત્રાલયના અમદાવાદ વર્તુળ અને પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરોના સંયુક્ત ઉપક્રમે આ સાયક્લોથોનનો સવારે છ વાગીને ત્રીસ મિનીટે સાબરમતી રિવરફ્રન્ટ સ્થિત સરદાર બ્રિજ ખાતેથી આરંભ થશે. જે સાબરમતી રિવરફ્રન્ટથી ગાંધીઆશ્રમ થઇને પરત સરદાર બાગ ખાતે સંપન્ન થશે..જેમાં મોટી સંખ્યામાં નાગરિકો સામેલ થશે..

ઉલ્લેખનીય છે કે સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ કેળવવાના આશય સાથે આ સાયક્લોથોન યોજાઇ રહી છે.

-----------------------------------

# FOOTBALL MATCH

ગાંધીનગરમાં રમાઇ રહેલી વરિષ્ઠ ખેલાડીઓ માટેની રિલાયન્સ કપ આંતર જિલ્લા ફૂટબોલ સ્પર્ધાની આવતીકાલે રમાનારી ફાઇનલમાં જૂનાગઢ અને ગાંધીનગરની ટીમ વચ્ચે મુકાબલો થશે.

આવતીકાલે વિજય મેળવનારી ટીમના ખેલાડીઓને રાષ્ટ્રીયસ્તરની સંતોષ ટ્રોફી ફૂટબોલ સ્પર્ધાની ગુજરાતની ટીમમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરવાની તક મળશે.

-----------------------------------

# HAVAMAN

રાજ્યમાં આવતીકાલ દરમિયાન છૂટાછવાયા વિસ્તારોમાં ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે.

આવતીકાલે દક્ષિણ અને મધ્ય ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી અને ગીર સોમનાથમાં છુટાછવાયા વિસ્તારોમાં ભારે વરસાદની હવામાન વિભાગે શક્યતા દર્શાવી છે..

જ્યારે આજે દિવસ દરમિયાન રાજ્યમાં સોથી વધુ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં 35 તાલુકાઓમાં એક ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે.

-----------------------------------